# પત્રક ભાગ–૨
# ચૌદમી ગુજરાત વિધાનસભા

## મંગળવાર, તા.૨૨મી ફેબ્રુઆરી, ૨૦૨૨

### ૪૦૪. બિન–સરકારી વિધેયકોના બેલટનું પરિણામ

ચૌદમી ગુજરાત વિધાનસભાના દસમા સત્ર દરમિયાન પહેલા, બીજા અને ત્રીજા વાંચન માટે હાથ ધરવાના બિન–સરકારી વિધેયકોનો અગ્રતાક્રમ નક્કી કરવા માટે શુક્રવાર, તા.૧૮મી ફેબ્રુઆરી, ૨૦૨૨ના રોજ યોજવામાં આવેલ બેલટનું પરિણામ નીચે મુજબ આવ્યું છે.

*૧. માનનીય સભ્યશ્રી પૂર્ણેશ મોદીનું સન ૨૦૧૯નું વિધેયક ક્રમાંક–૧૪– સન ૨૦૧૯નું ગુજરાત દેવસ્થાન વિસ્તાર વિકાસ સત્તામંડળ વિધેયક.

*૨. માનનીય સભ્ય ડો. નીમાબેન આચાર્યનું સન ૨૦૧૮નું વિધેયક ક્રમાંક–૩૦– સન ૨૦૧૮નું ગુજરાત નાના કુટુંબને વૃદ્ધિ (પ્રોત્સાહન) વિધેયક.

૩. માનનીય સભ્યશ્રી અરવિંદભાઇ પટેલનું સન ૨૦૧૯નું વિધેયક ક્રમાંક–૨૯– સન ૨૦૧૯નું ગુજરાત પાણી પ્રદૂષણ (નિવારણ અને નદીઓનું શુદ્ધિકરણ) વિધેયક.

૪. માનનીય સભ્યશ્રી ઇમરાન ખેડાવાલાનું સન ૨૦૨૧નું વિધેયક ક્રમાંક–૬– સન ૨૦૨૧નું ગુજરાત બેરોજગારોને બેરોજગારી ભથ્થું ચૂકવવા બાબત વિધેયક.

૫. માનનીય સભ્યશ્રી વિરજીભાઇ ઠુમ્મરનું સન ૨૦૨૧નું વિધેયક ક્રમાંક–૮– સન ૨૦૨૧નું ગુજરાત લાંબી બિમારીઓની સારવાર માટેનો તબીબી ખર્ચ માફ કરવા બાબત વિધેયક.

*૬. માનનીય સભ્યશ્રી જગદીશ વિશ્વકર્માનું સન ૨૦૨૧નું વિધેયક ક્રમાંક–૧૦– સન ૨૦૨૧નું ગુજરાત જાહેર સ્થળોમાં નાગરિકો અને સફાઇ કામદારો દ્વારા કચરાને સળગાવવા પર પ્રતિબંધ બાબત વિધેયક.

*૭. માનનીય સભ્યશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલનું સન ૨૦૨૧નું વિધેયક ક્રમાંક–૧૬– સન ૨૦૨૧નું ગુજરાત જાહેર સ્થળોએ વિરોધ પ્રદર્શન કરવા પર પ્રતિબંધ મૂકવા બાબત વિધેયક.

૮. માનનીય સભ્યશ્રી રમણભાઇ પટેલનું સન ૨૦૧૯નું વિધેયક ક્રમાંક–૨૮– સન ૨૦૧૯નું ગુજરાત સરકારી પાણી પુરવઠા તંત્રમાંથી લોકોને ગેરકાયદે પાણી ખેંચતા અટકાવવા બાબત વિધેયક.

* ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ–૧૪૦(ક) મુજબ બિન–સરકારી વિધેયકોના પ્રભારી સભ્યશ્રીઓએ વિધેયક સંબંધમાં ગૃહમાં આગળની કાર્યવાહી કરવા માટે માનનીય અધ્યક્ષશ્રીની મંજૂરીથી ક્રમાંક–૧ સામે દર્શાવેલ વિધેયક માટે સભ્યશ્રી મહેશભાઇ રાવલ, ક્રમાંક–૨ સામે દર્શાવેલ વિધેયક માટે સભ્યશ્રી વી.ડી. ઝાલાવાડીયા, ક્રમાંક–૬ સામે દર્શાવેલ વિધેયક માટે સભ્યશ્રી સુરેશભાઇ પટેલ અને ક્રમાંક–૭ સામે દર્શાવેલ વિધેયક માટે સભ્યશ્રી શંભુજી ઠાકોરને અધિકૃત કરેલ છે.

**ગુજરાત વિધાનસભા સચિવાલય,**
**ગાંધીનગર.**

**ડી.એમ. પટેલ**
**સચિવ,**
**ગુજરાત વિધાનસભા.**